A

Selected

# નૂતન ભારતી ગ્રામ વિદ્યાપીઠ

મડાણા-ગઢ, તા.પાલનપુર, જિ.બનાસકાંઠા

લેખિત પરીક્ષા પ્રશ્નપત્ર

જગ્યા: હિસાબનીશ

| | |
|---|---|
| પરીક્ષા તારીખ: ૧૯/૦૪/૨૦૨૬ | પ્રશ્નપત્ર સેટ: A |
| સમયગાળો: 3 કલાક | પરીક્ષા સમય: સવારે ૧૧-૦૦ થી ૨-૦૦ |
| પરીક્ષાનો બેઠક નંબર: ..................... | કુલ ગુણ: 210 |

:: ઉમેદવારો જરૂરી સૂચનાઓ ::

(૧) આ પ્રશ્નપત્રના બે ભાગ છે. Part-A અને Part-B. Part-Aમાં કુલ ૬૦ પ્રશ્નો અને Part-Bમાં કુલ ૧૫૦ પ્રશ્નો એમ Part-A અને Part-Bમાં કુલ ૨૧૦ પ્રશ્નો છે. દરેક પ્રશ્ન ૧ (એક) ગુણનો છે. પ્રશ્નની સાથે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે (OMR SHEET)માં વિકલ્પ 'E' આપેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ)નો સમય મળવાપાત્ર રહેશે.

(૨) Part-A અને Part-Bનું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.

(૩) M.C.Q. પદ્ધતિમાં ખોટા જવાબદીઠ, /છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે કોઈ પ્રશ્નનો જવાબ ન આપેલ હોય તેવા સંજોગોમાં તે પ્રશ્નદીઠ ૦.૨૫ ગુણ ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટિવ માર્કિંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

(૪) દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ 'E' Not Attempted (જવાબ આપવા માંગતા નથી)નો રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને તેના માટે કોઈ નેગેટિવ માર્ક્સ લાગું નહીં પડે.

(૫) સ્પર્ધાત્મક પરીક્ષાના Part-A અને Part-B બંને માટે Qualifying Standard ૪૦% રહેશે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦% કરતાં ઓછું Qualifying Standard કોઈપણ સંજોગોમાં નક્કી કરવામાં આવશે નહીં.

(૬) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(૭) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(૮) ઉત્તરપત્ર (OMR SHEET)માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે. તેમજ ઉત્તરપત્ર (OMR SHEET) ઉપર આપેલ સૂચનાઓ વંચાણે લઈ તેનો ફરજિયાત અમલ કરવાનો રહેશે.

18/4/26 18/4/26



Scanned with CamScanner

(૯) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈપણ પ્રકારની વિગતો લખવાની સખત મનાઈ છે. તેમછતાં કોઈપણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(૧૦) પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, સ્માર્ટ વૉચ, કેમેરા, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.


(૧૧) ચાલુ પરીક્ષા દરમિયાન અંદરો અંદર ગુપસુપ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લઘંન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(૧૨) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White ink), બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

(૧૩) જો રફકામ કરવાની જરૂર જણાય તો પ્રશ્નપત્રમાં દર્શાવેલ રફકામ માટેની જગ્યામાં જ કરવું.

## Part- A

પ્રશ્ન નં. (1) થી (3): નીચે આપેલ સ્તંભ આલેખમાં વર્ષ 2025-'26ના પાછલા 6 મહિનામાં ગાંધીનગર શહેરમાં નોંધાયેલી કાર તથા કુલ વાહનો દર્શાવવામાં આવ્યા છે. આ સ્તંભ આલેખનો અભ્યાસ કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો.




(1) ડિસેમ્બર મહિનામાં કુલ વાહનોના પ્રમાણમાં કારની નોંધણીની ટકાવારી કેટલી છે?

(A) 80% (B) 88% (C) 44% (D) 46%

(2) જાન્યુઆરી મહિનાની કુલ વાહનની નોંધણી અને માર્ચ મહિનાની કારની નોંધણી વચ્ચેનો ગુણોત્તર કેટલો થશે?

(A) 4:7 (B) 7:9 (C) 5:4 (D) 4:9

(3) નીચેના મહિના પૈકી કયા મહિનામાં કુલ વાહનોની નોંધણી સૌથી ઓછી છે?

(A) ઑક્ટોબર (B) ડિસેમ્બર (C) જાન્યુઆરી (D) ફેબ્રુઆરી

(4) વિજય ઉત્તરમાં 5 કિ.મી. ચાલે છે. ત્યાંથી તે પૂર્વમાં 6 કિ.મી. ચાલે છે. ત્યાંથી પશ્ચિમમાં 6 કિ.મી. ચાલે છે. ત્યાંથી દક્ષિણમાં 9 કિ.મી. ચાલે છે. તો યુવરાજ તેના શરૂઆતના બિંદુથી કેટલા કિ.મી. દૂર હશે?

(A) 5 કિ.મી. (B) 4 કિ.મી. (C) 6 કિ.મી. (D) 9 કિ.મી.

(5) નીચેની શ્રેણી પૂર્ણ પૂરો.

200, 190, 175, 155, 130, ......... અને........

(A) 100 અને 65 (B) 110 અને 90 (C) 115 અને 100 (D) 105 અને 80

**(6) જો + નો અર્થ – હોય, - નો અર્થ X હોય, ÷ નો અર્થ + હોય અને X નો અર્થ ÷ હોય, તો**

**10 – 6 ÷ 20 X 10 + 3 નું મૂલ્ય કેટલું થાય?**

**(A) 40 (B) 56 (C) 59 (D) 49**

**(7) જો MONKEY શબ્દના અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરો ABCD પ્રમાણે ફરીથી ગોઠવવામાં આવે તો ડાબી બાજુથી ચોથો અક્ષર કયો હશે?**

**(A) N (B) O (C) M (D) K**

**(8) એક ટેબલ પર પાંચ પુસ્તકો છે. જેમાં હિન્દી અને ગણિતના પુસ્તકો અંગ્રેજીના પુસ્તકોની ઉપર છે, પરંતુ વિજ્ઞાનની પુસ્તકની નીચે છે. ગણિત અને વિજ્ઞાનના પુસ્તકો ગુજરાતીના પુસ્તકની નીચે છે, જ્યારે હિન્દીના પુસ્તકની ઉપર છે. તો સૌથી ઉપર, વચ્ચે અને નીચે કયા પુસ્તક હશે?**

**(A) ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી (B) ગુજરાતી, ગણિત, વિજ્ઞાન**

**(C) ગુજરાતી, ગણિત, અંગ્રેજી (D) ગુજરાતી, વિજ્ઞાન, અંગ્રેજી**

**(9) જો LOOKનો કોડ 53, તો HOMEનો કોડ કયો હશે?**

**(A) 41 (B) 37 (C) 38 (D) 32**

**(10) જો 12 માર્ચ, 2015ના રોજ ગુરૂવાર હોય, તો 13 માર્ચ, 2027ના રોજ કયો વાર હશે?**

**(A) શુક્રવાર (B) શનિવાર (C) રવિવાર (D) સોમવાર**

**(11) A, B અને C મેદાનની ફરતે અનુક્રમે 5, 10 અને 15 મિનિટમાં એક ચક્કર પુરૂ કરે છે. તેઓ એક જ સ્થળેથી દોડવાનું શરૂ કરે છે. તો આરંભબિંદુ પર કેટલા સમય પછી પ્રથમવાર ભેગા થશે?**

**(A) 20 મિનિટ (B) 30 મિનિટ (C) 35 મિનિટ (D) 40 મિનિટ**

**(12) એક બગીચામાં આંબાના ઝાડ લીમડા કરતાં વધુ છે, પણ વડલા કરતાં ઓછાં છે. વડલાનાં ઝાડ લીમડા કરતાં વધુ છે, પણ સરગવા કરતાં ઓછાં છે. તો બગીચામાં કયા ઝાડ વધારે હશે?**

**(A) સરગવા (B) લીમડા (C) વડલા (D) આંબા**

**(13) એક સંખ્યાના 20 ટકાના 20 ટકા જો 24 હોય તો મૂળ સંખ્યા કઈ હશે?**

**(A) 800 (B) 600 (C) 400 (D) 200**

**(14) નીચે આપેલા શબ્દોનો તાર્કિક ક્રમ શું હશે?**

**A. વરસાદ B. ચોમાસું C. મદદ કરવી D. પૂર E. આશ્રય F. રાહત**

**(A) ABDECF (B) ABCDEF (C) BADCEF (D) DABCFE**

પ્રશ્ન ક્રમાંક: (15) થી (19) માટે :

છ વિદ્યાર્થીઓ A, B, C, D, E અને F ગોળ ટેબલને ફરતે ટેબલના કેન્દ્ર તરફ મોઢું રાખીને બેઠા છે .

(1) A અને Fની વચ્ચે C બેઠો છે .

(2) E ને જમણે એક જગ્યા છોડીને B બેઠો છે.

(3) F ના ડાબે એક જગ્યા છોડીને D બેઠો છે.

(15) કયા બે વિદ્યાર્થીઓની વચ્ચે D બેઠો છે?

(A) F અને B (B) E અને B (C) C અને B (D) A અને B

(16) A ની સામે કોણ બેઠું છે?

(A) F (B) C (C) E (D) આપેલામાંથી કોઈ નહિ

(17) નીચેનામાંથી કોણ A ની જમણી બાજુ બેઠો છે?

(A) E (B) F (C) B (D) D

(18) E ની સામે કોણ બેઠું છે?

(A) A (B) B (C) C (D) F

(19) કયા બે વિદ્યાર્થીઓની વચ્ચે F બેઠો છે?

(A) C અને D (B) C અને A (C) C અને B (D) D અને E

(20) યુવરાજે બજારમાંથી કેટલીક કેરી ખરીદી અને પહેલા દિવસે તે એક તૃતિયાંશ જેટલી કેરી ખાઈ ગયો. બીજા દિવસે તેણે બચેલી કેરીમાંથી અડધી કેરી ખાધી. ત્રીજા દિવસે તેણે જોયું તો ચાર કેરી બચી હતી. તો, તે બજારમાંથી કુલ કેટલી કેરી લાવ્યો હશે?

(A) 15 (B) 12 (C) 10 (D) 16

(21) ખૂટતો અંક શોધો.

| | | |
|---|---|---|
| 28 | 18 | 8 |
| 24 | 14 | 4 |
| 20 | 10 | 0 |
| 32 | 22 | ? |

(A) 12 (B) 14 (C) 16 (D) 18

(22) જો ROSEનો કોડ 6821, CHAIRનો કોડ 73456 અને PREACH નો કોડ 961473 હોય તો SEARCHનો કોડ કયો હશે?

(A) 246173 (B) 216473


(C) 214763 (D) 214673

પ્રશ્ન નં. (23) થી (25): નીચે આપેલ આકૃતિનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો.

વર્તુળ = શિક્ષિત યુવાનો;

ત્રિકોણ = ગામડામાં રહેતા યુવાનો;

લંબચોરસ = બેરોજગાર યુવાનો




(23) ગામડામાં રહેતા શિક્ષિત બેરોજગાર યુવાનોની સંખ્યા .......... વિસ્તાર દ્વારા દર્શાવી શકાય.

(A) E (B) C (C) G (D) B

(24) ગામડામાં ન રહેતા હોય તેવા શિક્ષિત બેરોજગાર યુવાનોની સંખ્યા .......... વિસ્તાર દ્વારા દર્શાવી શકાય.

(A) E (B) C (C) G (D) B

(25) ગામડામાં રહેતા અશિક્ષિત બેરોજગાર યુવાનોની સંખ્યા .......... વિસ્તાર દ્વારા દર્શાવી શકાય.

(A) E (B) C (C) G (D) B

(26) મગને કહ્યું હિતેષની માતા એ મારી માતાની એકની એક પુત્રી છે.

તો હિતેષને મગન સાથે શું સંબંધ થાય?

(A) મામા (B) માસા (C) કાકા (D) ફુઆ

(27) એક ઘડીયાળમાં 1 વાગે 1 ડંકો, 2 વાગે 2 ડંકા, 3 વાગે 3 ડંકા ........... વાગે છે.

આ સંજોગોમાં 24 કલાકમાં કુલ કેટલા ડંકા વાગશે? (ડંકા દર કલાકે વાગે છે.)


(A) 78 (B) 136 (C) 146 (D) 156

(28) 42 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 12 વર્ષ છે. જો શિક્ષકની ઉંમર ઉમેરવામાં આવે તો બધાની સરેરાશ ઉંમર 13 વર્ષ થાય છે. આ સંજોગોમાં શિક્ષકની ઉંમર કેટલી હશે?

(A) 43 વર્ષ (B) 45 વર્ષ (C) 50 વર્ષ (D) 55 વર્ષ

**પ્રશ્ન નં. (29) થી (31): નીચે આપેલ ચાર્ટનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો.**

**એક કુટુંબની માસિક કુલ આવક રૂ. 75,000 છે. આ આવકમાંથી વાર્ષિક ખર્ચ અને બચતની ટકાવારી નીચે મુજબ છે.**




**(29) આ કુટુંબમાં શિક્ષણ માટે વાર્ષિક કેટલો ખર્ચ કરવામાં આવે છે?**

**(A) રૂ. 1,50,000 (B) રૂ. 2,50,000 (C) રૂ. 2,15,000 (D) રૂ. 2,25,000**

**(30) દર મહિને આરોગ્ય માટે કેટલો ખર્ચ થાય છે?**

**(A) રૂ. 5,000 (B) રૂ. 7,500 (C) રૂ. 12,000 (D) રૂ. 8,000**

**(31) વાર્ષિક બચત કેટલી થશે?**

**(A) રૂ. 1,80,000 (B) રૂ. 90,000 (C) રૂ. 1,20,000 (D) રૂ. 60,000**

**(32) એક કાર રૂ. 10,20,000માં વેચવાથી 15% ખોટ થાય છે. આ સંજોગોમાં 20% નફો મેળવવો હોય તો, આ કાર કેટલા રૂપિયામાં વેચવી જોઈએ?**

**(A) રૂ. 12,00,000 (B) રૂ. 13,00,000**

**(C) રૂ. 14,00,000 (D) રૂ. 14,40,000**

**(33) એક ક્રિકેટર 95 ટેસ્ટમાં સરેરાશ 75 રન કરે છે. તે પ્રથમ 30 ટેસ્ટમાં સરેરાશ 85 રન કરે છે અને બીજી 40 ટેસ્ટમાં સરેરાશ 75 રન કરે છે. તો છેલ્લી 25 ટેસ્ટમાં સરેરાશ કેટલા રન કર્યા હશે?**

**(A) 55 (B) 63 (C) 65 (D) 58**

**(34) એક ખેડૂતે સહકારી મંડળીમાંથી રૂ. 1,80,000, 7%ના દરે 2.5 વર્ષ માટે વ્યાજે લીધા. તો સાદા વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજની રકમમાં કેટલો તફાવત આવશે?**

**(A) રૂ. 30,000 (B) રૂ. 31,500 (C) રૂ. 12,600 (D) રૂ. 28,800**

પ્રશ્ન નં. (35) થી (37): એક કંપનીની નીચે આપેલ માહિતીના આધારે પ્રશ્નોના જવાબ આપો.

| વર્ષ | વેચાણ (રૂ. લાખમાં) | પડતર (રૂ. લાખમાં) |
|---|---|---|
| **2020-21** | **110.00** | **70.56** |
| **2021-22** | **86.90** | **90.08** |
| **2022-23** | **115.00** | **80.50** |
| **2023-24** | **75.40** | **60.70** |
| **2024-25** | **120.00** | **90.00** |

(35) સૌથી વધુ નફાની ટકાવારી કયા વર્ષની છે?

(A) 2020-21 (B) 2021-22 (C) 2023-24 (D) 2024-25

(36) કંપનીને કયા વર્ષમાં ખોટ થઈ છે? કેટલા રૂપિયા?

(A) 2020-21, રૂ. 39.50 લાખ (B) 2021-22, રૂ. 3.90 લાખ

(C) 2021-22, રૂ. 3.18 લાખ (D) 2023-24, રૂ. 14.70 લાખ

(37) વર્ષ 2024-25માં નફો અને વેચાણના ગુણોત્તરનું પ્રમાણ કેટલું છે?

(A) 4:3 (B) 1:4 (C) 3:4 (D) 4:1

(38) એક વસ્તુ બનાવવા માટે તાંબુ, ચાંદી અને પિત્તળનો 3:4:2ના પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. જો તાંબુ અને ચાંદીનું વજન 56 કિ.ગ્રા. હોય તો ચાંદી અને પિત્તળનું વજન કેટલું હશે?

(A) 48 કિ.ગ્રા. (B) 36 કિ.ગ્રા. (C) 40 કિ.ગ્રા. (D) 52 કિ.ગ્રા.

(39) સવારે 6:00 કલાકે સ્ટેશનથી X ગાડી 40 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ઉપડે છે. બપોરે 2:00 કલાકે Y ગાડી આજ સ્ટેશનથી 60 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે એ જ રેલવે ટ્રેક ઉપર એ જ દિશામાં પ્રવાસ કરે છે. તો ગાડી X અને ગાડી Y બંને કેટલા વાગે એક જગ્યાએ ભેગી થશે?

(A) રાત્રે 10 વાગે (B) સવારે 2 વાગે

(C) સવારે 6 વાગે (D) રાત્રે 11 વાગે

(40) બપોરે 1:30 કલાકે મિનિટ અને કલાક કાંટા વચ્ચે .................. માપનો ખૂણો હશે .

(A) 45° (B) 90° (C) 135° (D) 160°

(41) $2 + \{(6-4) + (9 \div 3\} \times 8 \div 4 = ?$

(A) 10 (B) 16 (C) 12 (D) 14

(42) શિક્ષકનો પગાર આચાર્યના પગાર કરતાં 20% ઓછો છે. તો આચાર્યનો પગાર શિક્ષકના પગાર કરતાં કેટલા ટકા વધુ હશે ?

(A) 20 (B) 25 (C) 30 (D) 40

(43) બે સંખ્યાઓનો ગુ.સા.અ. અને લ.સા.અ. અનુક્રમે 16 અને 160 છે. જો એક સંખ્યા 32 હોય, તો બીજી સંખ્યા કઈ હશે?

(A) 60 (B) 70 (C) 80 (D) 90

(44) એક ધંધામાં X, Y અને Z એમ કુલ ત્રણ ભાગીદારો છે. વર્ષના અંતે Xને કુલ નફાનો $\frac{1}{2}$ ભાગ, Yને કુલ નફાનો $\frac{1}{4}$ ભાગ, અને Zને રૂ. 50,000 નફો મળ્યો. તો Yને કુલ કેટલો નફો મળ્યો હશે?

(A) રૂ. 50,000 (B) રૂ. 52,500 (C) રૂ. 75,000 (D) રૂ. 1,00,000

(45) 10 કારીગરો 8 કલાક કામ કરીને રૂ. 14,000 કમાણી કરે છે. તેઓ પૈકી 8 કારીગરો તે જ દરે 6 કલાક કામ કરીને કેટલી કમાણી કરશે?

(A) રૂ. 11,200 (B) રૂ. 8,400 (C) રૂ. 9,000 (D) રૂ. 12,000

(46) એક ખેતરની લંબાઈ 360 મીટર છે તથા તેની પહોળાઈ તેની લંબાઈ કરતાં 3/2 જેટલી છે. આ ખેતરની ફરતે વાડ બનાવવા માટે મીટર દીઠ રૂ. 150નો ખર્ચ થાય તેમ છે. તો વાડ બનાવવાનો કુલ ખર્ચ કેટલો થશે?

(A) રૂ. 36,000 (B) રૂ. 90,000 (C) રૂ. 1,20,000 (D) રૂ. 1,80,000

(47) એક વસ્તુની વેચાણ કિંમત રૂ. 3,000 છે. જો પડતર કિંમત પર 50% નફો હોય, તો તે વસ્તુની પડતર કિંમત કેટલી હશે?

(A) રૂ. 1,500 (B) રૂ. 2,000 (C) રૂ. 1,400 (D) રૂ. 4,500

(48) બે સંખ્યાનો સરવાળો 120 છે. આ બંને સંખ્યાનો ગુણોત્તર 7:8 હોય, તો તે સંખ્યાઓ શોધો.

(A) 57 અને 63 (B) 50 અને 70

(C) 56 અને 64 (D) 70 અને 80

(49) એક માણસ 16 દિવસમાં એક ખાડો ખોદે છે. બીજો માણસ 8 દિવસમાં એક ખાડો ખોદે છે. તો, બંને ભેગા મળી ત્રણ ખાડા ખોદતાં કેટલા દિવસ લાગશે?

(A) 16 દિવસ (B) 24 દિવસ (C) 32 દિવસ (D) 48 દિવસ

(50) 35,883 + .............. = 18,611 – 295 X 463

(A) 99,070 (B) 97,071 (C) 97,090 (D) 82,091

(51) અવલોકનો 14, 16, X, 19, 20, 22નો મધ્યક હોય તો Xની કિંમત શું હશે?

(A) 17 (B) 21 (C) 23 (D) 27

(52) 100 વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ 40 છે. પાછળથી ખબર પડી કે એક વિદ્યાર્થીના ગુણ 63 હતા, પરંતુ ભૂલથી 83 ગુણ લેવામાં આવ્યા હતા. તો સાચા સરેરાશ ગુણ કેટલા હશે?

(A) 39 (B) 39.5 (C) 39.7 (D) 39.8

**(53)** 3/8 નું ટકામાં રૂપાંતર કરતાં કેટલા ટકા થાય?

**(A)** 25% **(B)** 27.5% **(C)** 37.5% **(D)** 35%

**(54)** 106 X 106 – 94 X 94 = .....................

**(A)** 2004 **(B)** 2400 **(C)** 1904 **(D)** 2000

**(55)** મૂળ સંખ્યાના 40%માંથી 40 બાદ કરતાં મળતી સંખ્યા 40 હોય તો મૂળ સંખ્યા કઈ હશે?

**(A)** 150 **(B)** 200 **(C)** 250 **(D)** 300

**(56)** એક વેપારી રૂ. 40,000નો માલ 10% વટાવ મેળવીને ખરીદે છે. આ માલની ખરીદ કિંમત પર 10% જેટલો પરિવહન ખર્ચ કરી દુકાન ચલાવે છે. આ માલમાંથી અડધો માલ તેની પડતર કિંમત પર 10% નફો કરી અને બાકીનો માલ પડતર કિંમત પર 20% નફો કરી વેચે છે. તો તેણે કુલ કેટલા રૂપિયામાં માલ વેચ્યો હશે?

**(A)** રૂ. 44,440 **(B)** રૂ. 45,540 **(C)** રૂ. 46,000 **(D)** રૂ. 46,650

**(57)** એક કાર પ્રથમ 350 કિ.મી. અંતર 70 કિ.મી. પ્રતિ કલાક, બીજા 400 કિ.મી. અંતર 80 કિ.મી. પ્રતિ કલાક અને ત્રીજા 600 કિ.મી. અંતર 60 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે કાપે છે. તો સમગ્ર અંતર તેણે કેટલા કિ.મી./કલાકની ઝડપે કાપ્યું હશે?

**(A)** 67.5 કિ.મી./કલાક **(B)** 68 કિ.મી./કલાક

**(C)** 69.5 કિ.મી./કલાક **(D)** 70 કિ.મી./કલાક

**(58)** એક વસ્તુ રૂ. 651માં વેચવાથી 7% નુકસાન થાય છે. તો તે વસ્તુની ખરીદ કિંમત કેટલી હશે?

**(A)** રૂ. 744 **(B)** રૂ. 751 **(C)** રૂ. 700 **(D)** રૂ. 793

**(59)** 0.7499 એ કઈ બે સંખ્યાઓ વચ્ચે આવે?

**(A)** 0.7 અને 0.74 **(B)** 0.749 અને 0.75

**(C)** 0.75 અને 0.79 **(D)** 0.74992 અને 0.75

**(60)** એક કિલોગ્રામ લીંબુનો ભાવ રૂ. 120 છે. જો 3 લીંબુનું વજન 100 ગ્રામ થાય તો, એક લીંબુની કિંમત કેટલી થાય?

**(A)** રૂ. 1.80 **(B)** રૂ. 4.80 **(C)** રૂ. 4 **(D)** રૂ. 6

## Part-B

(61) ભારતીય બંધારણના 61મા સુધારાથી મતદાર નાગરિકોની લઘુત્તમ વયમર્યાદા કેટલી નક્કી કરવામાં આવી?

(A) 18 વર્ષ (B) 20 વર્ષ (C) 21 વર્ષ (D) 25 વર્ષ

(62) ભારતની બંધારણ સભાના અધ્યક્ષ કોણ હતા?

(A) મહાત્મા ગાંધી (B) ડૉ. બાબાસાહેબ આંબેડકર

(C) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (D) કનૈયાલાલ મુનશી

(63) ભારતીય બંધારણ મુજબ નીચેનામાંથી કયો અધિકાર મૂળભૂત અધિકાર નથી?

(A) માહિતીનો અધિકાર

(B) વાણી સ્વાતંત્ર્યનો અધિકાર

(C) ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર

(D) સમાનતાનો અધિકાર

(64) ભારતીય બંધારણના નીચેનામાંથી કયા અનુચ્છેદ હેઠળ રાષ્ટ્રીય કટોકટીની ઘોષણાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?

(A) અનુચ્છેદ-354 (B) અનુચ્છેદ-356

(C) અનુચ્છેદ-352 (D) અનુચ્છેદ-359

(65) 86મો બંધારણીય સુધારો અધિનિયમ,2002 એ કયા અધિકારને મૂળભૂત અધિકાર બનાવ્યો ?

(A) ધર્મનો અધિકાર

(B) શિક્ષણનો અધિકાર

(C) શોષણ સામેનો અધિકાર

(D) મિલકતનો અધિકાર

(66) ભારતીય બંધારણના આમુ ખમાં "બંધુત્વ (Fraternity)" શબ્દનો સમાવેશ કરવાનું પ્રાથમિક કારણ શું હતું ?

(A) આર્થિક સમૃદ્ધિ (economic prosperity) સુનિશ્ચિત કરવી

(B) કારોબારી સત્તા (executive authority)ને મર્યાદિત કરવી

(C) પ્રાદેશિક ભાષાઓનું રક્ષણ કરવું

(D) નાગરિકોમાં એકતા અને ગૌરવને પ્રોત્સાહન આપવું

(67) બંધારણમાં નાગરિકત્વનો ખ્યાલ નીચેના પૈકી કયા દેશના બંધારણમાંથી લેવામાં આવ્યો છે?

(A) બ્રિટન (B) રશિયા

(C) ફ્રાન્સ (D) અમેરિકા

(68) સંસદમાં અંદાજપત્ર કોણ રજુ કરે છે?

(A) નાણાંપ્રધાન (B) ગૃહમંત્રી (C) રાષ્ટ્રપતિ (D) વડાપ્રધાન

(69) રાજ્યપાલની નિમણૂંક કોણ કરે છે?

(A) મુખ્યમંત્રી (B) સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ

(C) વડાપ્રધાન (D) રાષ્ટ્રપતિ

(70) કઈ ઉંમરનાં બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર છે?

(A) 1 થી 5 વર્ષ (B) 6 થી 14 વર્ષ

(C) 7 થી 15 વર્ષ (D) 8 થી 18 વર્ષ

(71) 26 જાન્યુઆરી, 2026ના રોજ નવી દિલ્હીના કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિવસની પરેડમાં રજૂ કરવામાં આવેલ ગુજરાતના ટેબ્લો અંગેનાં કેટલાંક વિધાનો નીચે મુજબ છે.

1. 2026ની પરેડમાં ગુજરાતના ટેબ્લોએ પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.
2. ગુજરાતના ટેબ્લોની મુખ્ય થીમ "વંદે માતરમ અને સ્વતંત્રતા' હતી.
3. ગુજરાતના ટેબ્લોની મુખ્ય થીમ "વંદે માતરમ અને આત્મનિર્ભર ભારત' હતી.
4. આ ટેબ્લોમાં ભીખાઈજી કામા, શ્યામજી કૃષ્ણ વર્મા અને સરદારસિંહ જેવા ક્રાંતિકારીઓને શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ઉપરોક્ત વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) વિધાન 1, 2 અને 3 (B) વિધાન 1, 2 અને 4

(C) વિધાન 2, 3 અને 4 (D) વિધાન 1, 3 અને 4

(72) 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટીવલ'-2025 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા નીચેના પૈકી કયા પુસ્તકનું અનાવરણ કરવામાં આવ્યું હતું?

(A) મિશન ફોર મિલિયન ટ્રીઝ

(B) મિશન ફોર વિકસિત ભારત-2047

(C) 'વાંચે ગુજરાત'ની સફળતા

(D) મિશન સ્કીલ ઈન્ડિયા

(73) JSW એનર્જી દ્વારા ભારતનો સૌથી મોટો ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ કયા સ્થળે કાર્યરત કરવામાં આવ્યો છે?

(A) જામનગર, ગુજરાત (B) બેંગ્લોર, કર્ણાટક

(C) જયપુર, રાજસ્થાન (D) રૌરકેલા, ઓરિસ્સા

(74) NASAએ મંગળ ગ્રહના અભ્યાસ માટે કયું સ્પેસક્રાફ્ટ મિશન લોન્ચ કર્યું છે?

(A) MAVEN (B) ESCAPADE

(C) Mangalyaan (D) Perseverance

(75) પર્યાવરણ, વન અને ક્લાઈમેન્ટ ચેન્જ બાબતોના કેન્દ્રિય મંત્રાલય (MoEFCC) દ્વારા મંજૂર કરાયેલ 'લેપર્ડ બર્થ કંટ્રોલ' પ્રોગ્રામ કયા રાજ્યમાં શરૂ કરવામાં આવ્યો છે?

(A) મધ્યપ્રદેશ (B) રાજસ્થાન (C) મહારાષ્ટ્ર (D) ગુજરાત

(76) ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'YUVA AI for All' કોર્સ લોન્ચ કરવામાં આવ્યો છે?

(A) શિક્ષણ મંત્રાલય

(B) ડિફેન્સ મંત્રાલય

(C) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય

(D) ઈલિક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન મંત્રાલય

(77) ભારત સરકારે 21 નવેમ્બર, 2025થી અમલી બનાવેલ નવા ચાર લેબર કોડ કયા હેતુ માટે લાવવામાં આવ્યા છે?

(A) ન્યાયિક સુધારા માટે

(B) નવા કર કાયદા બનાવવા

(C) કૃષિ સુધારણા અમલમાં મુકવા

(D) 29 વર્તમાન શ્રમ કાયદાઓને સરળ બનાવી એકીકૃત કરવા

(78) ગુજરાતના રાજ્યપાલના નિવાસ્થાન 'રાજભવન'નું નવું નામ શું રાખાવામાં આવ્યું છે?

(A) લોકભવન (B) જનભવન

(C) સેવાભવન (D) શક્તિભવન

(79) વસ્તી ગણતરી પ્રક્રિયા પર રીયલ ટાઈમમાં નજર રાખવા માટે કયું પૉર્ટલ વિકસાવવામાં આવ્યું છે?

(A) Digital Census Portal (B) CMMS Portal

(C) Bharat Census-2027 (D) E-Census Portal

(80) તાજેતરમાં સુરત અને અમદાવાદ જેવાં શહેરોમાં ચર્ચામાં રહેલ 'ગોગો પેપર'નો ઉપયોગ શેના માટે કરવામાં આવે છે?

(A) પર્યાવરણલક્ષી પેકેજિંગ માટે

(B) મીઠાઈઓ પર લગાવવા માટે

(C) નશાકારક પદાર્થોને રોલ કરીને પીવા માટે

(D) સરકારી દસ્તાવેજોના પ્રિન્ટિંગ માટે

**પ્રશ્ન નં. (81) થી (85): નીચે આપેલ ફકરાને આધારે પ્રશ્ન નં. 81 થી 85ના જવાબ આપો.**

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) એ 2023માં વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ સ્થાપવાની મંજૂરી આપી. ત્યારથી, ડીકિન યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઑફ વોલોંગોંગ (ઑસ્ટ્રેલિયા)એ ગુજરાતના GIFT સિટીમાં અને યુનિવર્સિટી ઑફ સાઉથમ્પટન (યુ.કે.)એ ગુરુગ્રામમાં કેમ્પસ સ્થાપ્યા. તાજેતરમાં, પાંચ વધુ સંસ્થાઓ- યુનિવર્સિટી ઑફ યોર્ક (યુ.કે.), યુનિવર્સિટી ઑફ એબરડીન, યુનિવર્સિટી ઑફ વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા, ઈલિનોઇસ ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી અને ઈન્સ્ટિટ્યુટો યુરોપિયો ડી ડિઝાઈન (ઈટાલી)ને મુંબઈમાં સંસ્થા સ્થાપવાની મંજૂરી મળી. ફેકલ્ટી જેવી માહિતીની મુખ્ય વિગતો જાહેર થાય તે પહેલાં પ્રવેશની જાહેરાત કરવામાં આવી, જેનાથી ઉત્સાહ હોવા છતાં ચિંતાઓ ઉભી થઈ. મોટાભાગની સંસ્થાઓ તેમના મૂળ દેશોમાં ટોચના સ્તરની નથી અને ભારતના સ્પર્ધાત્મક બજારમાં સ્પષ્ટ શૈક્ષણિક ઓળખ સ્થાપિત કરવામાં પડકારોનો સામનો કરે છે, જ્યાં તેમને ડિગ્રી ફેક્ટરી તરીકે જોવાનું જોખમ છે. વિદેશી કેમ્પસ મોટાભાગે માર્કેટિંગ પર નિર્ભર છે, જે શૈક્ષણિક સામગ્રીના વિકલ્પ થઈ શકે નહિ. તેઓ ભાડાની ઈમારતોમાંથી કાર્ય કરે છે, જેમાં પરંપરાગત ભારતીય યુનિવર્સીટીઓની જીવંતતાનો અભાવ જોવા મળે છે.

(81) ગુરુગ્રામમાં નીચેના પૈકી કઈ યુનિવર્સિટીએ કેમ્પસની સ્થાપના કરી?

(A) યુનિવર્સિટી ઑફ એબરડીન (B) યુનિવર્સિટી ઑફ સાઉથમ્પટન

(C) યુનિવર્સિટી ઑફ વોલોંગોંગ (D) ડીકિન યુનિવર્સિટી

(82) વિદેશી યુનિવર્સિટીઓ દ્વારા ફેકલ્ટીની વિગતો જાહેર કર્યા વિના પ્રવેશની જાહેરાત કરવાની ફકરામાંની આધારભૂત ધારણા શું છે?

(A) ફેકલ્ટીની માહિતી વિદ્યાર્થીઓ પ્રવેશ માટે ધ્યાનમાં લેતા હોય તેવું એકમાત્ર પરિબળ છે.

(B) બધા વિદેશી ફેકલ્ટી પાસે ભારતીય કેમ્પસ માટે જરૂરી લાયકાતનો અભાવ છે.

(C) ભારતીય વિદ્યાર્થીઓ વિદેશી યુનિવર્સિટીના કાર્યક્રમોમાં રસ ધરાવતા નથી.

(D) ફેકલ્ટી વિગતોની પારદર્શિતાનો અભાવ વિદ્યાર્થીઓના વિશ્વાસને નબળો પાડી શકે છે.

(83) આપેલ ફકરાને આધારે નીચેનામાંથી કયું અનુમાન કરી શકાય?

(A) ભારતમાં બધી યુનિવર્સિટીઓ ભાડાની ઈમારતોમાં ચાલે છે.

(B) વિદેશી શાખા કેમ્પસ મુખ્યત્વે બિઝનેસ પર નિર્ભર છે.

(C) યુનિવર્સિટી ઑફ સાઉથમ્પટન એ ભારતમાં કેમ્પસ ધરાવતી એકમાત્ર યુ.કે. યુનિવર્સિટી છે.

(D) ભારતીય ખાનગી યુનિવર્સિટીઓએ વિદેશી સંસ્થાઓ સાથે સહયોગ બંધ કર્યો છે.

**(84)** આપેલ ફકરાને આધારે નીચેનામાંથી કયું જોડકું સાચું છે?

| અ | બ |
|---|---|
| (1) યુનિવર્સિટી ઑફ વોલોંગોંગ | **(A)** ઈટાલી |
| (2) યુનિવર્સિટી ઑફ યોર્ક | **(B)** ઑસ્ટ્રેલિયા |
| (3) ઈન્સ્ટિટ્યુટો યુરોપિયો ડી ડિઝાઈન | **(C)** યુ.કે. |

**(A) 1-B, 2-C, 3-A** **(B) 1-A, 2-C, 3-B**

**(C) 1-B, 2-A, 3-C** **(D) 1-C, 2-B, 3- A**

**(85)** આપેલ ફકરાને આધારે કેટલાંક વિધાનો નીચે મુજબ છે.

1. **UGC** એ **2023**માં વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ સ્થાપવાની મંજૂરી આપી.
2. ડીકિન યુનિવર્સિટીએ ગુજરાતના **GIFT** સિટીમાં કેમ્પસ સ્થાપ્યું.
3. વિદેશી યુનિવર્સિટીઓ પરંપરાગત ભારતીય જ્ઞાન આપે છે.
4. મોટાભાગની સંસ્થાઓ તેમના મૂળ દેશોમાં ટોચના સ્તરની નથી.

ઉપરોક્ત વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

**(A)** વિધાન 1, 2 અને 3

**(B)** વિધાન 1, 2 અને 4

**(C)** વિધાન 2, 3 અને 4

**(D)** વિધાન 1, 3 અને 4

પ્રશ્ન નં. **(86)** થી **(90)**: નીચે આપેલ ફકરાને આધારે પ્રશ્ન નં. **86** થી **90**ના જવાબ આપો.

**Photosynthesis is a vital process carried out by green plants, algae and some bacteria. In this process, plants use sunlight, carbon dioxide and water to produce food in the form of glucose and release oxygen as a by-product. This process mainly takes place in the leaves, where chlorophyll, a green pigment captures sunlight. Photosynthesis is essential for life on Earth because it provides oxygen for breathing and forms the base of the food chain. All animals, including humans, depend directly or indirectly on plants for food. Without photosynthesis, there would be no oxygen and no life on Earth. However, human activities such as deforestation and pollution are affecting this process. Cutting down trees reduces the number of plants available to perform photosynthesis, while pollution affects the quality of air and sunlight. Therefore, protecting plants and maintaining a clean environment is necessary to ensure the continuation of this life-supporting process.**

**(86) What is the main purpose of photosynthesis?**

**(A) To produce oxygen only (B) To produce food for plants**

**(C) To absorb carbon dioxide (D) To release sunlight**

**(87) Where does photosynthesis mainly occur?**

**(A) Roots (B) Stem (C) Leaves (D) Flowers**

**(88) What is chlorophyll?**

**(A) a green pigment (B) a type of sunlight**

**(C) a grass (D) a chemical waste**

**(89) Why is photosynthesis important?**

**(A) It produces only carbon dioxide**

**(B) It supports life on Earth**

**(C) It destroys oxygen**

**(D) It increases pollution**

**(90) What is one negative effect of deforestation mentioned in the passage?**

**(A) Increase in oxygen (B) Better air quality**

**(C) More sunlight (D) Reduction in photosynthesis**

**(91)** કયા હિસાબી ખ્યાલને આધારે કાયમી મિલકતો પર ઘસારો ગણવામાં આવે છે?

**(A)** પડતરનો ખ્યાલ **(B)** ચાલુ પેઢીનો ખ્યાલ

**(C)** પૂર્ણતાનો ખ્યાલ **(D)** હિસાબી સમયનો ખ્યાલ

**(92)** હિસાબી સમીકરણ 'મિલકતો = જવાબદારી + મૂડી' એ કયા ખ્યાલ પર આધારિત છે?

**(A)** પડતરનો ખ્યાલ **(B)** પૂર્ણતાનો ખ્યાલ

**(C)** દ્વિઅસરનો ખ્યાલ **(D)** એકસૂત્રતાનો ખ્યાલ

**(93)** પ્રામાણિક, મહેનતું અને હોંશિયાર કર્મચારીઓનો સમૂહ ફાયદાકારક હોવા છતાં તે અંગેની હિસાબી નોંધ કયા ખ્યાલના આધારે ચોપડે થતી નથી?

**(A)** એકસૂત્રતાનો ખ્યાલ **(B)** પૂર્ણતાનો ખ્યાલ

**(C)** મહત્વતાનો ખ્યાલ **(D)** નાણાકીય માપનો ખ્યાલ

**(94)** કયા હિસાબી ખ્યાલને આધારે હિસાબી સમયને અંતે નફા-નુકસાન ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરવામાં આવે છે?

**(A)** પડતરનો ખ્યાલ **(B)** ચાલુ પેઢીનો ખ્યાલ

**(C)** પૂર્ણતાનો ખ્યાલ **(D)** હિસાબી સમયનો ખ્યાલ

(95) ...............ના ખ્યાલ મુજબ કાગળ, પેન, રબર, રફ લખવાનાં પેડ, પેન્સિલ જેવી સ્ટેશનરીની દરેક વસ્તુઓનાં અલગ-અલગ ખાતાં રાખવાના બદલે એક જ સ્ટેશનરી ખર્ચ ખાતામાં નોંધવામાં આવે છે.

(A) મહત્વતાનો ખ્યાલ (B) પૂર્ણતાનો ખ્યાલ

(C) નાણાકીય માપનો ખ્યાલ (D) એકસૂત્રતાનો ખ્યાલ

(96) ખાતાના પ્રકારો સંબંધિત નીચેનાં જોડકાંમાંથી કયું જોડકું સાચું છે?

| ખાતાનું નામ | ખાતાનો પ્રકાર |
|---|---|
| (1) ઉપાડ ખાતું | (A) ઉપજ-ખર્ચ ખાતું |
| (2) કૉપીરાઈટ ખાતું | (B) વ્યક્તિ ખાતું |
| (3) ઘસારા ખાતું | (C) માલ-મિલકત ખાતું |

(A) 1-C, 2-B, 3- A (B) 1-A, 2-C, 3-B

(C) 1-B, 2-A, 3-C (D) 1-B, 2-C, 3-A

(97) 'લેનાર ખાતે ઉધારો, આપનાર ખાતે જમા કરો' – આ નિયમ કયા ખાતાને લાગું પડે છે?

(A) માલ-મિલકત ખાતું

(B) ઉપજ-ખર્ચ ખાતું

(C) વ્યક્તિ ખાતું

(D) તમામ ખાતાઓને લાગું પડે

(98) 'ખાતાવહી' એ નામાનો ................. ચોપડો છે.

(A) મૂળ ચોપડો (B) મુખ્ય ચોપડો

(C) ગૌણ ચોપડો (D) વધારાનો ચોપડો

(99) ધંધાના ચોપડાઓમાં કયા વ્યવહારો નોંધવામાં આવતા નથી?

(A) રોકડ વ્યવહારો (B) ઉધાર વ્યવહારો

(C) આર્થિક વ્યવહારો (D) બિન-આર્થિક વ્યવહારો

(100) નીચેના પૈકી કયા વ્યવહારમાં દેવાદાર-લેણદારનો સંબંધ ઉદ્ભવે છે?

(A) રૂ. 50,000ના માલનું વેચાણ કર્યું.

(B) રૂ. 75,000નો માલ વિજય પાસેથી ખરીદ કર્યો.

(C) રૂ. 25,000નો માલ અજય પાસેથી ચેકથી ખરીદ કર્યો.

(D) રૂ. 80,000ના માલનું મનુભાઈને રોકડેથી વેચાણ કર્યું.

(101) નીચેના પૈકી કયા સ્વરૂપે ખાતાવહી રાખી શકાય છે?

(A) બાંધેલો ચોપડો (B) છૂટા પાનાંની પદ્ધતિ

(C) કાર્ડ સ્વરૂપે (D) જણાવેલ તમામ સ્વરૂપે

(102) કયા પ્રકારના ખાતાને 'સરભર ખાતું' કહેવામાં આવે છે?

(A) ખાતાની ઉધાર બાજુની રકમનો સરવાળો વધુ હોય ત્યારે

(B) ખાતાની બંને બાજુની રકમનો સરવાળો સરખો હોય ત્યારે

(C) ખાતાની જમા બાજુની રકમનો સરવાળો વધુ હોય ત્યારે

(D) ખાતામાં કોઈ વ્યવહાર જ ન હોય ત્યારે

(103) કાચું સરવૈયું કયા હેતુસર તૈયાર કરવામાં આવે છે?

(A) ગાણિતિક ચોકસાઈ ચકાસવા માટે

(B) હિસાબી ભૂલો શોધીને સુધારવા માટે

(C) વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં સરળતા રહે તે માટે

(D) ઉપર જણાવેલ તમામ માટે

(104) કાચું સરવૈયું કયા તબક્કા પછી તૈયાર કરવામાં આવે છે?

(A) આમનોંધ લખવાની કામગીરી પૂરી થયા બાદ

(B) ખાતાવહી તૈયાર કરતાં પહેલાં

(C) ખાતાવહી તૈયાર થયા બાદ

(D) જરૂરી હવાલાની અસર આપ્યા બાદ

(105) ગાણિતિક રીતે કાચું સરવૈયું સાચી રીતે તૈયાર થયું છે એમ ક્યારે કહેવાય?

(A) કાચા સરવૈયાની ઉધાર બાજુનો સરવાળો વધુ હોય ત્યારે

(B) કાચા સરવૈયાની બંને બાજુનો સરવાળો સરખો હોય ત્યારે

(C) કાચા સરવૈયાની જમા બાજુનો સરવાળો વધુ હોય ત્યારે

(D) કાચા સરવૈયામાં ઉપલક ખાતાનો ઉપયોગ કર્યો હોય ત્યારે

(106) કાચા સરવૈયામાં ઉપલક ખાતાનો ઉપયોગ ક્યારે કરવામાં આવે છે?

(A) કાચા સરવૈયાની ઉધાર બાજુનો સરવાળો વધુ હોય ત્યારે

(B) કાચા સરવૈયાની જમા બાજુનો સરવાળો વધુ હોય ત્યારે

(C) કાચા સરવૈયાની બંને બાજુનો સરવાળો સરખો ન થાય ત્યારે

(D) ઉપર જણાવેલ તમામ સંજોગોમાં

(107) નીચેના પૈકી કંપનીના નાણાકીય પત્રકોમાં કોનો સમાવેશ થતો નથી?

(A) કાચું સરવૈયું (B) નફા-નુકસાનનું પત્રક

(C) પાકું સરવૈયું (D) રોકડ પ્રવાહ પત્રક

(108) કંપનીધારા,2013ના પરિશિષ્ટ-III મુજબ નીચેનામાંથી કયું/કયાં નાણાકીય પત્રકો તૈયાર કરવાં ફરજિયાત છે?

(A) ઈક્વિટીમાં ફેરફાર દર્શાવતું પત્રક

(B) નફા-નુકસાનનું પત્રક

(C) પાકું સરવૈયું

(D) નફા-નુકસાનનું પત્રક અને પાકું સરવૈયું બંને

(109) નીચેના પૈકી લાંબા ગાળાનાં ઉછીનાં નાણાંમાં કોનો સમાવેશ થાય છે?

(A) પ્રોવિડન્ટ ફંડ (B) ડિબેન્ચર પરતનિધિ

(C) જાહેર થાપણો (D) કામદાર નફાભાગ ભંડોળ

(110) પાકું સરવૈયું .......... અને નફા-નુકસાનનું પત્રક .......... તૈયાર કરવામાં આવે છે.

(A) ચોક્કસ હિસાબી સમય માટે, ચોક્કસ દિવસના રોજ

(B) ચોક્કસ દિવસના રોજ, ચોક્કસ હિસાબી સમય માટે

(C) ચોક્કસ દિવસના રોજ, ચોક્કસ દિવસના રોજ

(D) ચોક્કસ હિસાબી સમય માટે, ચોક્કસ હિસાબી સમય માટે

(111) જ્યારે કોઈ વ્યવહારની મૂળ ચોપડામાં સંપૂર્ણ રીતે નોંધ કરવાની રહી જાય તો તે ભૂલને કઈ ભૂલ કહેવાય?

(A) સિદ્ધાંતની ભૂલ (B) વીસરચૂક ભૂલ

(C) ભરપાઈચૂક ભૂલ (D) જણાવેલ તમામ

(112) એક ભાગીદારી પેઢીમાં અનિલ, બિપીન અને ચંપકની મૂડીનું પ્રમાણ અનુક્રમે 3:2:1 હોય અને વર્ષનો વહેંચણીપાત્ર નફો રૂ. 66,000 હોય, તો ચંપકને કેટલો નફો મળશે?

(A) રૂ. 11,000 (B) રૂ. 22,000 (C) રૂ. 16,500 (D) રૂ. 33,000

(113) જ્યારે જપ્ત થયેલા બધા જ શેર ફરીથી બહાર પાડવામાં આવે ત્યારે શેરજપ્તી ખાતાની બાકી કયા ખાતે લઈ જવામાં આવે છે?

(A) શેરમૂડી ખાતે (B) નફા-નુકસાન ખાતે

(C) મૂડી અનામત ખાતે (D) સામાન્ય અનામત ખાતે

(114) 'ઉપલક ખાતા' અંગેનાં કેટલાંક વિધાનો નીચે મુજબ છે.

1. કાચું સરવૈયું ન મળે ત્યારે વાર્ષિક હિસાબો સમયસર તૈયાર કરવા માટે કાચા સરવૈયાનો તફાવત ઉપલક ખાતે લઈ જવામાં આવે છે.
2. ઉપલક ખાતાની ઉધાર બાકી પાકા સરવૈયાની મિલકત-લેણાં બાજુ લખાય છે.
3. ભૂલ સુધારણા સિવાય ઉપલક ખાતાના અન્ય ઉપયોગો પણ છે.
4. બધીજ ભૂલો સુધરતાં ઉપલક ખાતું આપોઆપ બંધ થઈ જાય છે.

ઉપરોક્ત વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) વિધાન 1, 2 અને 3 (B) વિધાન 1, 2 અને 4

(C) વિધાન 2, 3 અને 4 (D) વિધાન 1, 2, 3 અને 4

(115) રોકડમેળ મુજબ બેન્ક ઓવરડ્રાફ્ટ એટલે ........ બાકી કહેવાય.

(A) ઉધાર (B) જમા

(C) ઉધાર અથવા જમા (D) જમા અને ઉધાર

(116) 'બેન્ક સિલકમેળ' નો મુખ્ય ઉદ્દેશ ......... વચ્ચે તફાવતની મેળવણી કરવાનો છે.

(A) રોકડમેળની શરૂઆતની અને આખરની બાકી

(B) પાસબુકની શરૂઆતની અને આખરની બાકી

(C) રોકડમેળ અને પાસબુકની શરૂઆતની બાકી

(D) પાસબુક અને રોકડમેળની આખરની બાકી

(117) ભાગીદારી કરારમાં ઉલ્લેખ ન હોય ત્યારે; ભાગીદારે પેઢીને આપેલ લોન પર કેટલા ટકા વ્યાજ આપવું જોઈએ?

(A) 5% (B) 6% (C) 9% (D) 10%

(118) 'બૉર્ડ ઑફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઈન્ડિયા' (BCCI) કંપની કયા પ્રકારની કંપનીનું ઉદાહરણ છે?

(A) કાયદા દ્વારા સ્થાપિત કંપની (B) નોંધાયેલી કંપની

(C) શેરથી મર્યાદિત કંપની (D) બાંયધરીથી મર્યાદિત કંપની

(119) નીચેના પૈકી કઈ સંસ્થા હિસાબી ધોરણો સાથે સંકળાયેલી નથી?

(A) ફાયનાન્સ ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્ડિયા

(B) આંતરરાષ્ટ્રીય હિસાબી ધોરણ સમિતિ

(C) ઈન્સ્ટિટ્યુટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઑફ ઈન્ડિયા

(D) એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ બૉર્ડ

(120) હિસાબી ધોરણોની લગતાં નીચેનાં જોડકાંમાંથી કયું જોડકું સાચું છે?

| અ | બ |
|---|---|
| (1) Statement of Cash Flows | (A) Ind. AS-113 |
| (2) Earnings per Share | (B) Ind. AS-7 |
| (3) Fair Value Measurement | (C) Ind. AS-33 |

(A) 1-B, 2-C, 3-A (B) 1-A, 2-C, 3-B

(C) 1-B, 2-A, 3-C (D) 1-C, 2-B, 3- A

(121) હાલમાં ભારતમાં કયો આવકવેરા ધારો અમલમાં છે?

(A) 1910 (B) 1932 (C) 1956 (D) 1961

(122) નીચેના પૈકી આવકવેરાના કાયદાના વહીવટ માટેની સર્વોચ્ચ સંસ્થા કઈ છે?

(A) Finance Department

(B) Central Board of Direct Taxes

(C) Revenue Department

(D) Supreme Court

(123) કરચોરી એટલે શું?

(A) જે રીતો દ્વારા ગેરકાયદેસર રીતે કર ન ભરવામાં આવે

(B) આવકવેરાધારાની વિવિધ કલમોનો ઉપયોગ કરી કરવેરાની જવાબદારીમાં ઘટાડો કરવાની રીતો

(C) (A) અને (B) બંને

(D) ઉપરનામાંથી કોઈ નહિ

(124) નીચે આપેલ વ્યવહારમાંથી કયા વ્યવહાર વખતે 'કાયમી ખાતા નંબર' (PAN) લખવો જરૂરી નથી?

(A) રૂ. 10 લાખથી વધુ કિંમતની સ્થાવર મિલકતની ખરીદી કે વેચાણ વખતે

(B) ડિમેટ ખાતું ખોલાવતી વખતે

(C) કોઈપણ દિવસે રૂ. 50,000 કે તેથી વધુ રોકડ બેંકમાં ભરતી વખતે

(D) કોઈ પણ સમયે રૂ. 10,000 થી ઓછી રકમનું હોટેલનું બીલ ચૂકવતી વખતે

(125) પરદેશમાં રહેતો ભારતીય નાગરિક પાછલા વર્ષમાં કેટલા દિવસ કે તેથી વધુ દિવસ માટે ભારતમાં વસવાટ કરે તો તે સામાન્ય રહીશ માટેની એક શરતનું પાલન કરે છે તેમ કહેવાય?

(A) 60 (B) 180 (C) 182 (D) 365

(126) નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?

(A) યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયાના યુનિટોની ફેરબદલીથી થતો મૂડીનફો કરમુક્ત છે.

(B) નિવૃત્તિ વખતે મળેલ માન્ય પ્રોવિડન્ટ ફંડ પ્રમાણસર ધોરણે કરમુક્ત ગણાય.

(C) જીવન વીમા પૉલિસી હેઠળ મળેલ રકમ કરમુક્ત છે.

(D) આકસ્મિક આવક કરમુક્ત છે.

(127) ગ્રેચ્યુઈટી ચૂકવણી ધારા,1972 હેઠળ મળતી ગ્રેચુઈટીની વધુમાં વધુ કેટલી રકમ કરમુક્ત હોય છે?

(A) રૂ. 10,00,000 (B) રૂ. 15,00,000

(C) રૂ. 20,00,000 (D) રૂ. 25,00,000

(128) 'સરકારી કર્મચારીએ મેળવેલ મનોરંજન ભથ્થા'ના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન સાચું છે?

(A) તે સંપૂર્ણપણે કરમુક્ત છે.

(B) તે સંપૂર્ણપણે કરપાત્ર છે.

(C) તે મૂળ પગારના 15% કે વધુમાં વધુ રૂ. 5,000 સુધી કરમુક્ત છે.

(D) તેનો સૌપ્રથમ ગ્રોસ પગારમાં પૂરેપૂરી રકમનો સમાવેશ થશે અને ત્યાર પછી મૂળ પગારના 1/5 ભાગ, ખરેખર મળેલ મનોરંજન ભથ્થું કે રૂ. 5,000 આ ત્રણ પૈકી જે રકમ સૌથી ઓછી રકમ કપાત તરીકે બાદ થશે.

(129) મિ. રવિ તા.1-4-2021ના રોજ એક કંપનીમાં રૂ. 30,000-2,000-34,000-4,000-50,000ના પગાર ધોરણમાં જોડાય છે. તો પાછલા વર્ષ 2025-'26 માટે મિ. રવિનો કરપાત્ર મૂળ પગાર કેટલો હશે?

(A) રૂ. 3,60,000 (B) રૂ. 5,040,000

(C) રૂ. 6,00,000 (D) રૂ. 4,56,000

(130) ભાડે આપેલ મકાનના ગ્રોસ વાર્ષિક મૂલ્યમાંથી સ્થાનિક વેરા નીચેના પૈકી કયા સંજોગોમાં બાદ કરવામાં આવે છે?

(A) સ્થાનિક વેરા ચૂકવવાના બાકી હોય ત્યારે

(B) ભાડુંઆતની ચૂકવવાની જવબદારી હોય અને ભાડુંઆત ચૂકવે તો

(C) મકાન માલિક દ્વારા ચૂકવવામાં આવે તો

(D) ઉપરના બધાજ

(131) ભાડે આપેલ મકાનના ચોખ્ખા વાર્ષિક મૂલ્યમાંથી કેટલા ટકા રકમ પ્રમાણિત કપાત તરીકે બાદ મળે છે?

(A) 30% (B) 20% (C) 15% (D) 10%

(132) નીચેના પૈકી કયા સંજોગોમાં હાઉસિંગ લોનનું વ્યાજ બાદ મળે છે?

(A) ચૂકવવાપાત્ર થાય ત્યારે (B) ચૂકવવામાં આવે ત્યારે

(C) (A) અને (B) બંને (D) આમાંથી કોઈ નહિ

(133) આવકવેરાના હેતુ માટે મિલકતો ઉપર ઘસારો કઈ પધ્ધતિથી માંડી વાળવામાં આવે છે?

(A) સીધી લીટીની પધ્ધતિ (B) એન્યુઈટી પદ્ધતિ

(C) ઘટતી જતી બાકીની પધ્ધતિ (D) વર્ષાસન પદ્ધતિ

(134) શરૂઆતના સ્ટૉકનું વધુ મુલ્યાંકન કરવાથી ચોખ્ખા નફા પર શું અસર થાય?

(A) નફામાં વધારો થાય (B) નફામાં ઘટાડો થાય

(C) નફામાં કોઈ અસર નહી (D) એક પણ નહી

(135) ધંધા-વ્યવસાયની આવકના સંદર્ભમાં નીચે જણાવેલ ખર્ચાઓ પૈકી કયો ખર્ચ મજરે મળવાપાત્ર નથી?

(A) આવકવેરો (B) સ્ટાફ કવાટર્સનો સ્થાનિક વેરો

(C) સેવા કર (D) ઘાલખાધ

(136) જો મૂળ શેરો અને બોનસ શેરો તા.1-4-2001 પછી મેળવેલ હોય તો બોનસ શેરની પડતર કિંમત કેટલી ગણાશે?

(A) મૂળ શેરોની ખરેખર ખરીદ કિંમત જેટલી ગણાય

(B) બોનસ શેરની પડતર કિંમત 'શૂન્ય' ગણવી

(C) મૂળ શેરોની વર્તમાન કિંમત જેટલી ગણવી

(D) ઉપર જણાવેલ તમામ

(137) મૂડી-નફાના શીર્ષક હેઠળ બાકી રહેતી મોટી ખોટ પછીના કેટલાં વર્ષ સુધી આગળ ખેંચી જવાની છૂટ છે?

(A) 10 વર્ષ (B) 8 વર્ષ (C) 5 વર્ષ (D) 15 વર્ષ

(138) આવકવેરા રિફંડ પર મળેલ વ્યાજની આવક કયા શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય?

(A) ધંધા-વ્યવસાયની આવક (B) અન્ય સાધનોની આવક

(C) મૂડી આવક (D) આમાંથી એક પણ નહિ

(139) GST કાઉન્સિલની 56મી બેઠકમાં આરોગ્ય વીમા પરનો GSTનો દર કેટલા ટકાથી કેટલા ટકા કરવામાં આવ્યો છે?

(A) 10% થી 5% (B) 18% થી 0%

(C) 10% થી 0% (D) 12% થી 5%

(140) નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?

(A) જામીનગીરીઓ પર લેણું થયેલ વ્યાજ પણ કરપાત્ર ગણાય.

(B) જે તે વ્યાજ તારીખે લેણાં થતાં વ્યાજ અંગે જામીનગીરીઓના કાયદેસર નોંધાયેલા માલિક આવકવેરો ચૂકવવા માટે જવાબદાર બને છે, ભલે તેણે તે તારીખ પહેલાં જામીનગીરીઓ વેચી દીધી હોય.

(C) યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયાની યુનિટની આવક પણ કરપાત્ર આવકનો ભાગ ગણાય છે.

(D) પુસ્તકોના લેખકને મળતી રૉયલ્ટી પણ 'અન્ય સાધનોની આવક'ના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય છે.

(141) લૉટરી, શબ્દ-રચના હરિફાઈ, દોડ, કાર્ડની રમતો વગેરે પ્રકારની આવકો અંગે કયા દરે આવકવેરો લેવામાં આવે છે?

(A) અન્ય આવકોની જેમ જ આવકવેરાના સામાન્ય સ્લેબ દરે

(B) 20%ના ફ્લેટ દરે

(C) 30%ના ફ્લેટ દરે

(D) આ બધી આકસ્મિક આવકો હોવાથી આવકવેરો લદાશે નહિ.

(142) ભારતમાં GST કઈ તારીખે લાગું કરવામાં આવ્યો?

(A) 1લી જાન્યુઆરી, 2017 (B) 1લી એપ્રિલ, 2017

(C) 1લી માર્ચ, 2017 (D) 1લી જુલાઈ, 2017

(143) GST પરિષદના અધ્યક્ષ કોણ હોય છે?

(A) રિઝર્વ બેંકના ગવર્નર (B) વડાપ્રધાન

(C) નાણાંમંત્રી (D) ભારતના રાષ્ટ્રપતિ

(144) ગુજરાતમાંથી જ્યારે રાજસ્થાનમાં માલનો પુરવઠો મોકલવામાં આવે ત્યારે નીચે પૈકી કયો કર લાગુ પડે?

(A) IGST (B) SGST (C) UTGST (D) CGST

(145) કળા અને વિજ્ઞાન અંગે લખેલા પુસ્તક પર લેખકને રોયલ્ટીની આવક પર કેટલી કપાત મળે છે?

(A) આવકના 100% અથવા રૂ. 3 લાખ બે પૈકી ઓછી રકમ

(B) આવકના 100% અથવા રૂ. 5 લાખ બે પૈકી ઓછી રકમ

(C) આવકના 50% અથવા રૂ. 3 લાખ બે પૈકી ઓછી રકમ

(D) આવકના 50% અથવા રૂ. 5 લાખ બે પૈકી ઓછી રકમ

**(146) Tally શું છે?**

**(A) Operating System** **(B) Accounting Software**

**(C) Hardware** **(D) Browser**

**(147) Tallyમાં Company Create કરવા માટે કઈ શોર્ટ-કટ કી ઉપયોગી છે?**

**(A) F1** **(B) F2** **(C) F3** **(D) F4**

**(148) Sales Voucher માટે કઈ કી ઉપયોગી થાય છે?**

**(A) F5** **(B) F9** **(C) F10** **(D) F11**

**(149) Ledger એટલે શું?**

**(A) Software** **(B) Account Record**

**(C) Input Device** **(D) Final Report**

**(150) Tally માં Gatewayમાં શું આવેલું હોય છે?**

**(A) Entry Screen** **(B) Main Menu**

**(C) Report** **(D) Software**

**(151) Ledger Create કરવા માટે કયા મેનૂમાં જવું પડે?**

**(A) Accounts Info** **(B) Gateway**

**(C) Display** **(D) Reports**

**(152) Tally માં Company Select કરવા માટે કઈ શોર્ટ-કટ કી ઉપયોગી છે?**

**(A) F1** **(B) F2** **(C) F3** **(D) F4**

**(153) Tally માં Reports ક્યાં મળે છે?**

**(A) Gateway** **(B) Display**

**(C) Accounts** **(D) Inventory**

**(154) Tally માં Backup નો અર્થ શું છે?**

**(A) Delete** **(B) Copy** **(C) Print** **(D) Exit**

**(155) Tally માં GST Enable ક્યાં થાય છે?**

**(A) F11 Features** **(B) F12 Config**

**(C) Gateway** **(D) Display**

**(156) Bill-wise Details શું છે?**

**(A) Report** **(B) Outstanding Tracking**

**(C) Stock Register** **(D) Voucher Record**

**(157) Tally માં 'Audit' એટલે શું?**

**(A) Transaction Entry** **(B) Inventory Record**

**(C) Checking Accounts** **(D) Report Stock**

**(158) Reconciliation શું છે?**

**(A) Matching Records** **(B) Entry** **(C) Delete** **(D) Save**

**(159) Tally નો ઉપયોગ કોણ કરે છે?**

**(A) Accountant** **(B) Student**

**(C) Businessman** **(D)** જણાવેલ તમામ

**(160) Tally License શું છે?**

**(A) Permission** **(B) Report Download**

**(C) Transaction Entry** **(D) Stock Evaluation**

**(161)** ફુગાવાનો દર નક્કી કરવા માટે નીચેના પૈકી કયો સૂચક આંકનો ઉપયોગ થાય છે?

**(A)** જીવનનિર્વાહ ખર્ચનો સૂચક આંક **(B)** જથ્થાબંધ ભાવનો સૂચક આંક

**(C)** રાષ્ટ્રીય આવકનો સૂચક આંક **(D)** આયાત-નિકાસનો સૂચક આંક

**(162)** નવી ટેકનોલોજીને કારણે કોઈપણ વસ્તુની માંગમાં થતો અસાધારણ ફેરફાર સામયિક શ્રેણીનો કયો ઘટક કહેવાય?

**(A)** ચક્રીય ઘટક **(B)** દીર્ઘકાલીન ઘટક

**(C)** મોસમી ઘટક **(D)** અનિયમિત ઘટક

**(163)** એક વ્યક્તિ વધુમાં વધુ કેટલી જાહેર કંપનીમાં સંચાલક બની શકે?

**(A) 5** **(B) 10** **(C) 8** **(D) 20**

**(164)** ધંધાકીય એકમ માટે લાંબા ગાળાની નાણાકીય જરૂરિયાત સંતોષવા માટેનું આંતરિક પ્રાપ્તિસ્થાન કયું છે?

**(A)** નફાનું પુન:રોકાણ **(B)** જાહેર થાપણો

**(C)** પ્રેફરન્સ શેર **(D)** સામાન્ય ઈક્વિટી શેર

**(165)** આંતરરાષ્ટ્રીય વેપારમાં જહાજી કંપની અને નિકાસકાર વચ્ચે આખું જહાજ ભાડે રાખવા માટે જે કરાર કરવામાં આવે છે તેને કયા નામે ઓળખવામાં આવે છે?

**(A)** ઈન્ડેન્ટ કરાર **(B)** ચાર્ટર પાર્ટી કરાર

**(C)** નિકાસ કરાર **(D)** શાખાનો કરાર

**(166)** નીચેના પૈકી કમ્પ્યૂટરનો લાક્ષણિક કાર્યપ્રવાહ કયો છે?

**(A)** ઈનપુટ, આઉટપુટ અને પ્રક્રિયા **(B)** પ્રક્રિયા, ઈનપુટ અને આઉટપુટ

**(C)** ઈનપુટ, પ્રક્રિયા અને આઉટપુટ **(D)** પ્રક્રિયા, આઉટપુટ અને ઈનપુટ

**(167) ALU** નું પુરૂ નામ જણાવો.

**(A) All-purpose Logic Unit** **(B) Arithmetic Logic Unit**

**(C) Algebra Logic Unit** **(D) Arithmetic Logistic Unit**

(168) આજના અદ્યતન કમ્પ્યૂટર્સની ટેકનોલોજીનો પાયો કઈ ટેકનોલોજીએ પૂરો પાડ્યો છે?

(A) એનાલિટિક એન્જિન (B) અબાક્સ

(C) કેલ્ક્યુલેટર (D) ડિફરન્સ એન્જિન

(169) દસ્તાવેજને છાપવા માટેની ટૂંકી ચાવી (શૉર્ટ-કટ કી) કઈ છે?

(A) SHIFT + P (B) ALT + P

(C) CTRL + P (D) TAB + P

(170) નીચેનાં જોડકાંમાંથી કયું જોડકું સાચું છે?

| અ | બ |
|---|---|
| (1) ડિફરન્સ એન્જિન | (A) 1642 |
| (2) એનાલિટિક એન્જિન | (B) 1946 |
| (3) પ્રથમ મૂળભૂત કેલ્ક્યુલેટર | (C) 1822 |
| (4) ENIAC | (D) 1833 |

(A) 1-B, 2-A, 3-D, 4-C (B) 1-C, 2-D, 3-A, 4-B

(C) 1-B, 2-A, 3-C, 4-D (D) 1-C, 2-B, 3- A, 4-D

(171) ભારતની પ્રથમ ક્વોન્ટમ કમ્પ્યૂટિંગ ચિપ '25-ક્યુબિટ QPU' કયા સ્ટાર્ટઅપ દ્વારા વિકસાવવામાં આવી છે?

(A) QpiAI (B) NexCAR19

(C) BIRAC (D) DBT

(172) ઈસરો દ્વારા બનાવવામાં આવેલું ભારતનું ઝડપી કમ્પ્યુટર કયું છે?

(A) આકાશ–A1 (B) તિયાન્હે–A1

(C) સાગા-220 (D) જેગુઆર-K

(173) LAN નું પુરૂ નામ જણાવો.

(A) Lower Area Network (B) Local Area Network

(C) Lesser Area Network (D) Light Area Network

(174) નેટવર્ક દ્વારા જોડાયેલાં કમ્પ્યૂટરો વચ્ચે સરળ કાર્યપદ્ધતિની ખાતરી નીચેનામાંથી કયા પ્રોટોકોલ દ્વારા આપવામાં આવે છે?

(A) FTP (B) TCP (C) IP (D) આપેલ તમામ

(175) ઈ-મેઈલનો સૌપ્રથમ ઉપયોગ કયા નેટવર્ક પર થયો હતો?

(A) BITNET (B) CSNET

(C) NSFNET (D) ARPANET

(176) વેબ પેજના સમૂહને કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) Home Page (B) Web Pages

(C) Server Page (D) Website

(177) વર્લ્ડવાઈડ વેબ પરના માહિતીસ્ત્રોત મેળવવા, રજૂ કરવા તથા નિહાળવા માટેના જરૂરી સોફ્ટવેરને કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) Portal (B) Web Browser

(C) Server (D) Web page

(178) પ્રિન્ટિંગ માટે પ્રોપર્ટી ડાયલોગ બૉક્સના Layout વિકલ્પમાં દસ્તાવેજને ઉભો છાપવા માટે કયો વિકલ્પ પસંદ કરવામાં આવે છે?

(A) Portrait (B) Horizontal

(C) Landscape (D) Vertical

(179) દસ્તાવેજમાં કોષ્ટક ઉમેરવા માટેની ટૂંકી ચાવી (શૉર્ટ-કટ કી) કઈ છે?

(A) SHIFT + F12 (B) ALT + F12

(C) CTRL + F12 (D) TAB + F12

(180) Writerમાં કોની મદદથી દસ્તાવેજના લખાણમાંથી કોઈ ચોક્કસ શબ્દ કે શબ્દસમૂહને શોધીને તેના સ્થાને નવો શબ્દ કે શબ્દસમૂહ બદલી શકાય છે?

(A) Search & Replace (B) Find & Replace

(C) Look & Replace (D) Locate & Replace

(181) નીચેના પૈકી USB શું છે?

(A) Software (B) Storage Device

(C) Input Device (D) Output Device

(182) Powerpointમાં દરેક સ્લાઈડનું બેકગ્રાઉન્ડ અલગ-અલગ દર્શાવવા માટે કયા ઑપ્શનનો ઉપયોગ થાય છે?

(A) Apply (B) All (C) Apply to all (D) View

(183) Animation Scheme કમાન્ડ કયા મેનુમાં આવેલો છે?

(A) Insert (B) Format (C) View (D) Slide show

(184) પ્રેઝન્ટેશન સતત ચાલુ રાખવા માટે કયા ઑપ્શનનો ઉપયોગ થાય છે?

(A) Kiosk (B) Slide transation

(C) Animation Scheme (D) Custom Animation

(185) Ctrl + H શોર્ટકટ-કીનો શાના માટે ઉપયોગ થાય છે?

(A) Hide (B) Replace

(C) Header (D) History

(186) નીચેના પૈકી કૉમ્પ્યુટરના પિતા તરીકે કોણ જાણીતા છે?

(A) ડેનિસ રિચી (B) બિલ ગેટસ

(C) ચાર્લ્સ બેબેજ (D) જેમ્સ ગોસલિંગ

(187) કૉમ્પ્યૂટર માઉસની શોધ સૌપ્રથમ કોણે કરી હતી?

(A) સ્ટીવ જોબસ (B) ટીમ બર્નર્સ લી

(C) બિલ ગેટસ (D) ડગ્લસ એંજેલબર્ટ

(188) નીચેના પૈકી કયું આઉટપુટ ડિવાઈસ નથી?

(A) સ્પીકર (B) મોનિટર (C) સ્કેનર (D) પ્લોટર

(189) કોમ્પ્યૂટર નેટવર્કમાં Firewall શું છે?

(A) કોમ્પ્યૂટર નેટવર્કની ઓપરેટિંગ સિસ્ટમ

(B) નેટવર્કની ફિઝિકલ બાઉન્ડરી

(C) વેબ બ્રાઉઝિંગ સૉફ્ટવેર

(D) અનઑથોરાઈઝડ એક્સેસને રોકવા માટેની સિસ્ટમ

(190) નીચેના પૈકી કઈ કૉમ્પ્યૂટર લેન્ગવેજ બાઈનરી ફોર્મમાં લખવામાં આવે છે?

(A) જાવા (B) પાસ્કલ

(C) સી લેન્ગવેજ (D) મશીન લેન્ગવેજ

(191) નીચેના પૈકી કયો કોમ્પ્યૂટર વાઈરસ નથી?

(A) Spyware (B) Worm (C) Java (D) Trojan Horse

(192) PDF નું પુરૂ નામ જણાવો.

(A) Portable Document Format

(B) Personal Document Format

(C) Practical Document Format

(D) Portable Data Format

(193) Recycle Benની રચના કઈ બાબતને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે?

(A) તમારો કચરો મને આપો (B) દિલ સાફ રાખો

(C) સ્વચ્છતા રાખો (D) મનુષ્ય માત્ર ભૂલને પાત્ર

(194) Ctrl, Shift અને Alt કી નીચેના પૈકી કઈ રીતે ઓળખાય છે?

(A) Adjustment Keys (B) Function Keys

(C) Modifier Keys (D) Alphanumeric Keys

**(195)** નીચેના પૈકી મેમરીનો નાનામાં નાનો યુનિટ કયો છે?

**(A) Byte** **(B) Bit** **(C) Nibble** **(D) kilo Byte**

**(196)** ગાંધીજીને 'મહાત્મા'નું બિરૂદ કોણે આપ્યું હતું?

**(A)** રવિન્દ્રનાથ ટાગોર **(B)** સુભાષચન્દ્ર બોઝ

**(C)** સરદાર વલ્લભભાઈ પટેલ **(D)** ગોપાલકૃષ્ણ ગોખલે

**(197)** ગાંધીજીએ વર્ધામાં કયા આશ્રમની સ્થાપના કરી હતી?

**(A)** કોચરબ આશ્રમ **(B)** સર્વોદય આશ્રમ

**(C)** સાબરમતી આશ્રમ **(D)** સેવાગ્રામ આશ્રમ

**(198)** ગાંધીજીનું સ્વરાજ અંગેનું ચિંતન કયા પુસ્તકમાં આલેખાયેલું જોવા મળે છે?

**(A)** વ્યાપક ધર્મભાવના **(B)** હિંદ સ્વરાજ

**(C)** અન ટુ ધી લાસ્ટ **(D)** સત્યના પ્રયોગો

**(199)** મહાત્મા ગાંધીજીને સત્યવ્રતધારક બનવા માટે કયા નાટકે પ્રેરણા પુરી પાડી હતી?

**(A)** કૃષ્ણ-અર્જુન સંવાદ **(B)** રાજા ભરથરી

**(C)** સત્યવાદી રાજાચંદ્ર **(D)** સતી સાવિત્રી

**(200)** હિંદની પ્રજાને સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય કરવા માટે ગાંધીજીએ ભારતમાં સૌપ્રથમ કયું અંગ્રેજી અખબાર શરૂ કર્યું હતું?

**(A)** અન ટુ ધી લાસ્ટ **(B)** યંગ ઈન્ડિયા

**(C)** ડે ટુ ડે ગાંધી **(D)** નવજીવન

**(201)** પોરબંદરમાં આવેલું ગાંધીજીનું મકાન કયા નામે ઓળખાય છે?

**(A)** હૃદયકુંજ **(B)** સુદામાપુરી

**(C)** કીર્તિ મંદિર **(D)** સેવા સદન

**(202)** ગાંધીજીએ ૧૯૩૦માં કઈ યાત્રાનું નેતૃત્વ કર્યું હતું?

**(A)** અસહયોગ આંદોલન **(B)** ચંપારણ સત્યાગ્રહ

**(C)** ખેડા સત્યાગ્રહ **(D)** હિંદ છોડો ચળવળ

**(203)** અંગ્રેજ સાશનના સમયમાં સરકારી કેળવણીનો બહિષ્કાર કરવા માટે ગાંધીજીએ કઈ સંસ્થાની સ્થાપના કરી હતી?

**(A)** ગુજરાત યુનિવર્સિટી **(B)** ગૂજરાત વિદ્યાપીઠ

**(C)** શામળદાસ કૉલેજ **(D)** સર આલ્ફ્રેડ હાઈસ્કૂલ

(204) ગાંધી જયંતિ (2જી ઑક્ટોબર)ને વિશ્વભરમાં બીજા કયા નામે ઉજવવામાં આવે છે?

(A) આંતરરાષ્ટ્રીય સત્ય દિવસ (B) આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ

(C) આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ (D) આંતરરાષ્ટ્રીય સર્વોદય દિવસ

(205) ગાંધીજી પોતાના રાજનૈતિક ગુરુ કોને માનતા હતા?

(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) પૂર્ણિમાબેન પકવાસા

(C) એની બેસન્ટ (D) જય કૃષ્ણ ઠાકર

(206) કયા સત્યાગ્રહથી સરદાર વલ્લભભાઈ ગાંધીજી સાથે જોડાયા હતા?

(A) અસહયોગ આંદોલન (B) ચંપારણ સત્યાગ્રહ

(C) ખેડા સત્યાગ્રહ (D) બારડોલી સત્યાગ્રહ

(207) નીચેનાં જોડકાંમાંથી કયું જોડકું સાચું છે?

| અ | બ |
|---|---|
| (1) ખેડા સત્યાગ્રહ | (A) ઈ.સ. 1931 |
| (2) દાંડીકૂચ | (B) ઈ.સ. 1930 |
| (3) બીજી ગોળમેજી પરિષદ | (C) ઈ.સ. 1917 |
| (4) મિલ મજૂર આંદોલન | (D) ઈ.સ. 1919 |

(A) 1-B, 2-A, 3-D, 4-C (B) 1-C, 2-D, 3-A, 4-B

(C) 1-B, 2-A, 3-C, 4-D (D) 1-C, 2-B, 3- A, 4-D

(208) ગાંધીજીના નઈ તાલીમ શિક્ષણ વિચારના તત્વો સૌપ્રથમ કયા કમિશનની ભલામણમાં કરવામાં આવ્યા હતા?

(A) રાધાકૃષ્ણન કમિશન (B) કોઠારી કમિશન

(C) મુદલિયાર કમિશન (D) સેડલર કમિશન

(209) ગાંધીજી કયા વારે મૌન વ્રત રાખતા હતા?

(A) રવિવાર (B) મંગળવાર

(C) સોમવાર (D) શનિવાર

(210) ગાંધીજીનું સમાધિ સ્મારક કયા નામથી ઓળખાય છે?

(A) રાજઘાટ (B) શક્તિ સ્થળ

(C) શાંતિવન (D) વીરભૂમિ

::::::::::::::::::::::::::::::::::::::::::

રફકામ